Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAIN DHARMA PRAKASH.

પુસ્તક ૬ ઠું. માહ શુદિ. ૧૫ સંવત. ૧૯૪૭. અંક. ૧૧મો.

मालिनी

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं;
वदन कमल मंकः कामिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध बंध्यं
तदसि जगति देवो, वीतराग स्त्वमेव ॥१॥

प्रगटकर्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां.

"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા० નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

શક ૧૮૧૨. સન ૧૮૯૦

મૂલ્ય વર્ષ ૧. નો. રૂ૧—૦—૦ અગાઉથી પોસ્ટેજ રૂ૦—૩—૦ જૂદુ
છુટક અંક એકનારૂ૦—૨—૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય | પૃષ્ટ. |
|---|---|
| ૧ શ્રી વજસ્વામીનું ચરિત્ર. | ૧૬૧ |
| ૨ લોભ. | ૧૫૬ |
| ૩ સંબોધસત્તરી. | ૧૬૦ |
| ૪ પ્રતિક્રમણ. | ૧૭૪ |
| ૫ ડાક્તર હોર્નલનું વખાણવા લાયક કૃત્ય. | ૧૭૫ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદ્યંત લક્ષપુર્વક વાંચી યથાશક્તિ ધર્મ કાર્યમાં પ્રવર્ત્તવું.

## ગ્રાહકોને ભેટ.

## श्री वत्सराजकुमारनुं चरित्र.

આ અત્યંત રસીક, ચમત્કારિક તેમજ અનેક પ્રકારના ઉપદેશ લેવા યોગ્ય હોવાથી શ્રી શાંતિનાથજીના ચરિત્રમાંથી શ્રી ઘનરથ તીર્થંકરે કહેલું ધર્મ કર્મને વિષે તત્પર, એવા વત્સરાજ કુમારનું ચરિત્ર ભાષાંતર કરીને ગ્રાહકોને ભેટ આપવા માટે છપાવવું શરૂ કર્યું છે પરંતુ આ ભેટ જે ગ્રાહકોએ લવાજમ મોકલાવેલું છે તેમજ આવતો અંક બહાર પડ્યા અગાઉ મોકલાવશે તેમનેજ આપવામાં આવશે માટે ગ્રાહકોએ સત્વર પ્રમાદને દૂર કરીને લવાજમ મોકલવા ઉપર લક્ષ આપવું.

જેમણે લવાજમ મોકલેલું હોય તેમણે પોસ્ટેજને માટે અરધો આનો મોકલવો જેથી બુક બહાર પડે કે તરત મોકલાવી શકાય. પોસ્ટેજ નહીં મોકલે તેને પોસ્ટેજ વિના મોકલી શકાશે નહીં. માત્ર અરધો આનો મોકલવો મુશ્કલ લાગે તો આવતા વરસનું લવાજમ સાથે મોકલવું. અને જેણે લવાજમ મોકલ્યું નથી તેમણે તો અરધો આનો વધારે મોકલવો.

લવાજમ તો વહેલું મોડું આપવવુંજ પડશે પરંતુ હવે લગભગ વર્ષ પુરૂં થઇ ગયેલું છે છતાં લવાજમ નહી મોકલે તેને પાછળથી ભેટ નહીં મળે એ પ્રતક્ષ નુકશાન છે. વળી જ્ઞાન ખાતાનું લેણું છે. એટલે આપ્યા વિના તો છુટકોજ નથી. સબબ એક વર્ષના અને તેથી વધારે વખતના દેણદારોએ તાકીદ લવાજમ મોકલવું.

## જાહેર ખબરો.

### चरित्रावली अथवा जैनकथा संग्रह.

જૈન બંધુઓને આનંદ સાથે સુબોધ આપનારો રસીક કૃ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAIN DHARMA PRAKASH.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગર્જાવતું, પ્રગટ્યું જૈનપ્રકાશ. ૧

પુસ્તક ૬ ઠું. શક ૧૮૧૨. માહશુદિ ૧૫. સંવત ૧૯૪૭. અંક ૧૧ મો.

# श्री वज्रस्वामिनुं चरित्र.

( સાંધણ પાને. ૧૪૧ થી. )

ગુરૂએ વિહાર કર્યા પછી પ્રાતઃકૃત્ય કાયોત્સર્ગ અને વાચના ગ્રહણાદિ કાર્યો કરવાને સાધુઓએ વજ્રને પાટ ઉપર બેસાર્યા. ગુરૂની આજ્ઞા એ પ્રમાણે છે એમ ધારી વજ્રસ્વામી પણ પાટ ઉપર બેઠા અને સર્વે સાધુઓ આચાર્યની જેમ તેમનો વિનય કરવા લાગ્યા. પછી વજ્રસ્વામી સર્વે સાધુઓને આનુપૂર્વી લબ્ધિથી મેળવેલા વજ્રલેપ સદૃશ આલાપક આપવા લાગ્યા. જે અલ્પ બુદ્ધિવાળા સાધુઓ હતા. તેણે પણ તેમની પાસેથી વાચના લઇને આગળનું અધ્યયન કરવાનો પ્રારંભ કર્યો. અતિ જડ બુદ્ધિવાળાને વિષે પણ વજ્રસ્વામીની વાચના અમોઘ થવા લાગી તેથી એ પ્રમાણે નવીન અદ્ભુત જોઇને ગચ્છના સાધુઓ વિસ્મય પામ્યા પૂર્વે અધ્યયન કરેલ આલાપક સંબંધી સાધુઓ પુછવા લાગ્યા તેનો ઉત્તર તથા પ્રકારે વજ્રસ્વામી આપવા લાગ્યા. ગુરૂની પાસેથી અનેક વાચના વડે પઠન કરે તેટલું વજ્રની પાસેથી એક વાચનાવડે સાધુઓ પઠન કરતા હતા. એથી સાધુઓ અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યો અન્ય કહેવા લાગ્યા કે જો ગુરૂ મહારાજાને આવવામાં વિલંબ થાય તો આપણે શીઘ્રપણે વજ્રપાસેથી શ્રુતસ્કંધનું અધ્યયન કરી લઈએ. વજ્રના એવા અદ્ભુત જ્ઞાન ગુણને લીધે સાધુઓ તેને આચાર્યથી પણ અધિક માનવા લાગ્યા. કહ્યું છે કે એક ગુરૂના દીક્ષિતોને વિષે પણ સુગુણી સાધુ ઉપર સર્વ સાધુ સમુહ પ્રીતિ ધારણ કરે છે.

કહ્યા પ્રમાણે દિવસો થયા એટલે આચાર્યવર્યે વિચાર્યું કે આટલા દિવસમાં મારો સર્વ પરિવાર વજ્રના ગુણથી જાણીતો થયો હશે. માટે હવે હું જઈને વજ્રને જે જે અનધીત હોય તેનું અધ્યન કરાવું. કહ્યું છે કે નિર્મળ ગુણવડે શિષ્ય ગુરૂને પ્રીતિપાત્ર થઈ સર્વ પ્રકારની વિદ્યા મેળવવાને લાયક થાય છે. એમ વિચારી આચાર્ય મહારાજા કથિત દિવસે પાછા આવ્યા એટલે વજ્ર સહિત સર્વ મુનિઓ તેમના ચરણ કમળનું વંદન કરી સમીપે બેઠા. 'કેમ તમારો સ્વાધ્યાય નિર્વાહ થાય છે?' એમ ગુરૂએ પુછ્યું એટલે 'દેવગુરૂના પ્રસાદથી થાય છે' એમ કહી પુનઃસર્વે શિષ્યો આચાર્યવર્ય પાસે હસ્ત જોડી બોલ્યા આપની આજ્ઞાવડે અમારો વાચનાચાર્ય વજ્ર થયો. સ્વામિન્! તેના ગુણ નહિ જાણવાથી અમે ચિરકાળ પર્યંત તેની અવજ્ઞા કરી. એ બાળક અમારે આપના ચરણ કમળની જેમ પૂજ્ય છે એવું હવે અમે જાણ્યું. એ બાળક છે પણ ગુરૂ ગુણે યુક્ત હોવાથી ગચ્છને ગુરૂ સમાન છે. કહ્યું છે કે કુન્દકલિકા સરખો ન્હાનો પ્રદીપ આખા ઘરમાં પ્રકાશ કરે છે.'

આચાર્યવર્યે કહ્યું 'ભો તપોધનો! આજ પર્યંત જે થયું તે ખરૂં પણ હવે એ વયે બાળ પરંતુ વિદ્યાએ વૃદ્ધ છે એમ જાણી તેની અવજ્ઞા ન કરવી. તમે એના એવા ગુણો તાદૃશ પ્રકારે જાણો એ હેતુથી તમને આચાર્ય તરીકે એને સોંપી હું ગામ ગયો હતો. નહીં તો એણે કર્ણ શ્રુતિથી શ્રુત ગ્રહણ કર્યું છે તેથી ગુરૂદત્ત શ્રુત શિવાય એ વાચનાચાર્યની પદવીને યોગ્ય નહતો, હવે સંક્ષેપ અનુષ્ઠાન રૂપ ઉત્સાર કલ્પ એને માટે કરવો જેથી એ આચાર્ય પદવીને યોગ્ય થાય.

પછી ગુરૂપાદ પૂર્વે નહિ પઠન કરેલ શ્રુતનું અર્થ સહિત વજ્રને અધ્યયન કરાવવા લાગ્યા. ગુરૂને સાક્ષિ માત્ર કરીને તેમણે અર્પણ કરેલ શ્રુત આદર્શ જેમ પ્રતિબિંબ ગ્રહણ કરે તેમ સહજ માત્રમાં વજ્રે ગ્રહણ કર્યું તે એવા શ્રુતજ્ઞ થયા કે તેમના ગુરૂના ચિરકાળના દુર્ભેદ સંદેહો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચુરણ કરવાને પણ મુદ્ગર સમાન જણાયા. દ્રષ્ટિવાદ પણ ગુરૂના હૃદયમાં જેટલું હતું તેટલું જલાંજલીની જેમ લીલાવડે તેણે ગ્રહણ કર્યું. અન્યદા ગ્રામાનુગ્રામ વિચરતા ગુરૂ પરિચ્છદે સહિત **દશાપૂર** નગર પ્રત્યે પહોચ્યા. તે સમયે ઉજ્જયિનીમાં દશ પૂર્વને ધારણ કરનાર આચાર્ય છે એમ જાણી વજ્રને દશ પુર્વી તેમની પાસેથી અંગીકાર કરાવવી એવો વિચાર થયો. જે શિષ્યો અગોયાર અંગનું અધ્યયન મહાયત્ને કરી શકે તેઓ દશ પૂર્વની વિદ્યા ગ્રહણ કરવામાં કેમ સમર્થ થાય? પરંતુ પદાનુસારિ લબ્ધિવડે પૂર્વ ગ્રહણની શક્તિનો વિશ્વાસ પમાડનાર વજ્ર અધ્યન કરી શકે તેવો છે એમ જાણી તેને પોતાની સમીપે બોલાવી સ્નેહ પૂર્વક ગુરૂ મહારાજે કહ્યું 'વત્સ! તું ઉજ્જયિની જા અને ત્યાં ભદ્રગુપ્ત નામના ગુરૂ મહારાજા છે. તેમની પાસેથી દશ પૂર્વનું અધ્યયન કર. જે દશ પૂર્વીના અધ્યયનને વિષે તારા સર્વ સહાધ્યાયીઓ તથા કુણ્ઠ બુદ્ધિવાળો હું પણ સમર્થ નથી તે દશ પૂર્વનું મારી આજ્ઞાવડે તું શિઘ્ર અધ્યયન કર; સૌમ્ય શાસન દેવતા તને તે કાર્યમાં સહાય થશે. હે વત્સ! બીજા મુનિઓને વિષે કુપથી ઉપવનના વૃક્ષોને વિષે ઊદકની જેમ તારા મુખથી દશ પૂર્વી પ્રસરશે.' એ પ્રમાણે **સિંહગિરિ આચાર્યે** વજ્રને **અવન્તી** પ્રત્યે જવાની આજ્ઞા કરી અને સ્થવિરકલ્પ વર્ત્તે છે તેથી તેની સાથે બે મુનિને મોકલ્યા.

દેવની શેષની જેમ **સિંહગિરિ** ગુરૂની આજ્ઞા મસ્તકે ચડાવી વિહાર કરેલ વજ્રસ્વામી કેટલેએક દિવસે **ભદ્રગુપ્તાચાર્યના** ચરણ કમળથી પવિત્ર થયેલી ઊજ્જયિનીને પરિસરે પહોંચ્યા. જે સાંજે તેઓ **ઊજ્જયિની** નગરની બહારના ઉપવનમાં પહોંચ્યા તે રાત્રે **ભદ્રગુપ્તાચાર્યે** શુભ ક્ષણે એવું સ્વપ્ન જોયું કે 'મારા હસ્તમાંથી ક્ષીરપૂર્ણ પાત્ર ગ્રહણ કરીને કોઇ આવેલા માણસે તેનું પાન કર્યું અને તે પરમતૃપ્તિ પામ્યો.' પ્રભાતે ગુરૂ મહારાજાએ સ્વપ્નનો વૃત્તાંત સર્વ શિષ્યોને કહ્યો તે ઉપરથી તેઓ યથા બુદ્ધિ વિવિધ પ્રકારનો અર્થ વિચારવા લાગ્યા. ગુરૂ બોલ્યા 'નથી જણાઇ શકાતું કે એવો કોણ બુદ્ધિમાન્ અતિથિ આવશે કે જે મારી પાસેથી અર્થ સહિત સર્વ સૂત્રો ગ્રહણ કરશે.'

અહીં વજ્ર પણ નગર બહાર રાત્રી અતિક્રમણ કરીને પ્રભાતે **ભદ્રગુપ્તાચાર્યના** પ્રતિશ્રય સમીપે આવ્યા. ત્યાં દૂરથી વજ્રને આવતા જોઇ ગુરૂ મહારાજા ચંદ્ર દર્શનથી જેમ સમુદ્ર ઊલ્લાસાયમાન થાય તેમ પરમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હર્ષવડે ઉલ્લાસને પામ્યા વિચારવા લાગ્યા કે 'અહો મારા સૌભાગ્ય વડે આ ધીમાન્ પ્રાપ્ત થયો તેને હું આલિંગન કરૂં.? અથવા મારા ઉત્સંગમાં બેસારૂં? વજ્રની જેવી આકૃતિ લોકમાં પ્રસિદ્ધ હતી તેવી જોઈને આ વજ્રમુનિ છે એમ આચાર્ય વર્યે નિશ્ચય કર્યો. સમીપે આવી વંદનાભિમુખ વજ્રને વંદન કરતા અટકાવી 'બલીયસી ઊત્કંઠા વિનયને જોતી નથી' એ કહેવત પ્રમાણે તેને પોતાના ઊત્સંગને વિષે આરોપણ કરી, તેના વદન કમળ પ્રત્યે પોતાના નેત્રને ભ્રંગ રૂપ કરી આચાર્યવર્ય બોલ્યા. હે વજ્રર્ષે ! તારો સુખ વિહાર છે? તારૂં અંગ નિરામય છે? તારો તપ નિર્વીઘ્ન છે? તારા ગુરૂ કુશળ છે? તું કોઈ કાર્યને ઉદ્દેશી અત્રે આવ્યો છે કે વિહાર ક્રમથી? તે સર્વે મને કહે.?

પછી ગુરૂ મહારાજાને વંદન કરી અંજલિબદ્ધ થઈ. વદનદ્વારે મુખવસ્ત્રિકાને સ્થાપન કરેલ વજ્ર બોલ્યો–પૂજ્યપાદે સુખવિહારાદિ જે જે પુછ્યું તે સર્વે દેવગુરૂના પ્રસાદથી તેમજ છે. હે ભગવાન્ ! ગુરૂની આજ્ઞાએ દશ પૂર્વનું અધ્યયન કરવાને આપની પાસે આવ્યોછું માટે વાચના પ્રદાને મારી ઉપર પ્રસન્ન થાઓ ! પછી ભદ્રગુપ્તાચાર્યે તેને દશપુર્વોનું અધ્યયન કરાવવું શરૂ કર્યું, અને ગુરૂને કાંઈ પણ ક્લેશ જણાયા વગર કેટલેએક દિવસે વજ્રસ્વામી દશપુર્વીને ધારણ કરનાર થયા. તે સમયે જ્યાં અધ્યયન કરવાનો આરંભ કર્યો ત્યાંજ અનુજ્ઞા ગ્રહણ કરવી એમ વિચારી સિંહગિરિ ગુરૂ સમીપે જવાનો વિચાર કર્યો. પછી જળ ગ્રહણ કરેલ જળદની જેમ દશપૂર્વ ગ્રહણ કરેલ વજ્રમુની ભદ્રગુપ્તાચાર્યની આજ્ઞા લઈ પુનઃ દશપુર પ્રત્યે પહોંચ્યા. ત્યાં દશપૂર્વ રૂપ સમુદ્રને ધારણ કરનાર અગસ્તિ સદશ વજ્રસ્વામીને સિંહગિરિ ગુરૂએ પુર્વની અનુજ્ઞા કરી. તેની પૂર્વ અનુજ્ઞાને વિષે જૃંભક દેવતાઓએ દિવ્ય કુસુમ પ્રકારાદિવડે અદ્ભુત મહિમા કર્યો. તે સમયે વજ્રસ્વામીને ગણુ અર્પણ કરી સિંહગિરિ આચાર્ય અનપાનાદિનું પ્રત્યાખ્યાન કરી–કાળ કરી–સ્વર્ગે ગયા–પછી ભવ્યજન રૂપ કૈરવને ચંદ્રમા સમાન વજ્રસ્વામી પાંચશે મુનીના પરિવાર સહિત મહીતળ ઉપર વિચારવા લાગ્યા. તેમના વિહારવડે જે જે નગર પવિત્ર થયા તે તે નગરના લોકોને વિષે–'અહો આમનું ઉજ્વલ શીલ છે, અહો આમનું લોકોત્તર શ્રુત છે, અહો આમનું અનઘ સૌભાગ્ય છે, અહો આમનું અદ્ભુત લાવણ્ય છે'–એવી ખ્યાતિ થઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સમયે **પાટલીપુત્ર** નગરને વિષે ગુણુ ગણે શ્રેષ્ટ-પૃથ્વીને વિષે વિખ્યાત-મહા ધનવંત ધન નામે શ્રેષ્ટી રહેતો હતો. તેને પુનઃ રૂપાંતર પામેલી રૂકિમણી હોય તેવી **રૂકિમણી** નામે **સુરૂપાપુત્રી** હતી. તે શ્રેષ્ટીની યાનશાળાને વિષે **વજ્રસ્વામી**ની કેટલીએક સાધ્વીઓ રહી હતી. તેઓ કેટલીએક વખત **વજ્રસ્વામી**ના ગુણનું સંસ્તવન કરતી. કારણ કે ગુરૂ ગુણની સ્તવના કરવી એ સ્વાધ્યાય અને આવશ્યક સદૃશ છે. **વજ્રસ્વામી**ની તેવી તેવી સૌભાગ્ય કથા શ્રવણ કરતી **રૂકિમણીએ** તેમનેજ પોતાના પતિ કરવા એવી પ્રતિજ્ઞા કરી. તેણે નિશ્ચય કર્યો કે જો **વજ્ર** મારો ભર્ત્તા થાય તોજ હું ભોગ ભોગવીશ. અન્યથા મારે ભોગે કરીને સર્યું, કારણ કે પ્રિય વિના ભોગ શા ? વરવાને ઇચ્છાવંત કોઈ પુરૂષ તેની માગણી કરતા તેનો મુખ મરડીને તે નિષેધ કરતી જ્યારે સાધવીઓ તેણીને કહેતી કે અયિ રૂકિમણી ! તું મુગ્ધા છે જેથી વીતરાગ-પ્રવ્રજિત-**વજ્રસ્વામી**ની સાથે વરવાની ઈચ્છા રાખે છે; ત્યારે તે બોલતી કે **વજ્ર** જો પ્રવ્રજિત છે તો હું પણ પ્રવ્રજા લઈશ; કારણ કે મેં નિશ્ચય કર્યો છે કે જેવી તેની ગતિ તેવી મારી. અપૂર્ણ.

# લોભ.

( સાંધણ પાને ૧૬૦ થી )

**મમ્મણશેઠ શ્રેણિકરાજા પ્રત્યે કહે છે કે—હે રાજેંદ્ર !**

મુજને બે બળદ જોઈએ છીએ તેમાં એકતો મેળવ્યો છે પણ બીજાને મેળવવા માટે પ્રયત્ન કરૂં છું. રાજાએ કહ્યું કે અમારે ત્યાં હજારો બળદ છે તેમાં જે સારો હોય તે તું લે. વણિક બોલ્યો કે—મહારા બળદીઆ અન્ય જાતિના છે તમારા તેહવા નથી અને મને તો મારા બળદ જેવો બીજો બળદ જોઈએ છીએ. તે સાંભળીને તેનો બળદ જોવા માટે પ્રાતઃકાળે રાજા તેને ઘેર ગયા ઘરમાં અત્યંત ઋદ્ધિ દીઠી તથા ભૂમિ ગૃહમાં રત્ને જડીત સુવર્ણમય એક બળદ દીઠો. તે જોઈ રાજા બહુજ વિસ્મય પામ્યા અને તે સર્વ સમાચાર જઈને રાણીને કહ્યા. ચિલ્લણા પણ ત્યાં બળદ જોવા સારૂ આવી. બળદને દેખી તે મમ્મણ પ્રત્યે બોલી કે આવો બીજો બળદ જેમાં બે સુમાર દ્રવ્ય જોઈએ તે કાષ્ટ ખેંચવાથી શી રીતે મળી શકશે ? તે બોલ્યો કે એવાં વૃષભને અર્થે મેં કાષ્ટ ખેંચી ખેંચીને

For Private And Personal Use Only

સમુદ્રમાં વહાણ પૂર્યાં છે તે પરદેશમાં એ લાકડાં વેચીને તેના નાણાના રત્ન લઈને આવશે તે વારે વૃષભ નીપજશે. એ કાષ્ટ જે છે તે બાવના ચંદન છે એનો મર્મ જે પરિક્ષક હોય તેજ જાણે હું એ મર્મ બીજા કોઈને જણાવતો નથી. પછી રાજા રાણી તેનો અનિવાર્ય લોભ જોઈ ખેદ પામતા થકા રાજમંદિરમાં આવ્યા. હવે તે મમ્મણ શેઠ અતિલોભના વશ થકા આર્ત્ત ધ્યાન ધરતો વિપત્તિ ભોગવતો અપૂર્ણ મનોરથપણેજ કાળ કરીને તિર્યંચાદિકને વિષે ઘણા ભવ પર્યંત ભમ્યો. એમ જાણીને ભવ્યજીવોએ લોભનો ત્યાગ કરવો અને પરિગ્રહનું પ્રમાણ કરવું.

## ઇતિ મમ્મણ શ્રેષ્ટિ દૃષ્ટાંત:

ઉપરનું મમ્મણ શેઠનું દ્રષ્ટાંત વાંચીને ભવ્યજીવોએ વિચાર કરવો જોઇએ કે લોભી મનુષ્ય દ્રવ્ય મેળવવાને માટે અનેક પ્રકારના દુઃખોને સહન કરે છે. શાસ્ત્રકાર કહે છે કે કદી કોઈ પ્રાણી દેવ શકિતવડે સ્વયંભુરમણ સમુદ્રને પણ અવગાહી શકે પરંતુ લોભરૂપી મહા સમુદ્રનો પાર પામી શકે નહીં. લોભ સમુદ્રનો પાર પામવાનું મુખ્ય અને અદ્વિતિય એવું સાધન માત્ર સંતોષજ છે. સંતોષી મનુષ્યને પુર્વ પુણ્યના ઉદયવડે સહજ પ્રયાસે લક્ષ્મિની પ્રાપ્તિ થાય છે. અને લોભી મનુષ્ય અનેક પ્રકારના ઉદ્યમ કરે, પાપ વ્યાપાર ચલાવે; સ્વપ્નમાં પણ સુખનો અનુભવ ન લ્યે તો પણ જો ભાગ્યમાં હોતું નથી તો લક્ષ્મિની પ્રાપ્તિ થતી નથી. માટે સંતોષને ધારણ કરીને પ્રણામ પૂર્વક ઈચ્છા નિરોધ કરવો જેથી અનુક્રમે સર્વ પરિગ્રહનો ત્યાગ કરવાની સ્થિતિ પ્રાપ્ત થઈ શકે અને યાવત મોક્ષ સુખ મળે.

જે પ્રાણી અત્યંત લોભ દશાને ધારણ કરે છે તેના ગુણ માત્ર જેમ અગ્નિ પ્રદિપ્ત થયે સર્વ વસ્તુનો નાશ કરે છે તેમજ નાશ પામે છે. લોભ પણ અગ્નિની ઉપમાનેજ લાયક છે. કહ્યું છે કે—

निःशेष धर्म वन दाहविजृंभमाणे,
दुःखौघ भस्मनि विसर्पदकीर्त्ति धूमे;
बाढं धनेंधनसमागम दिप्य माने,
लोभानले सलभतां लभते गुणौघः ॥

ભાવાર્થ—સમસ્ત ધર્મરૂપ જે વન તેને બાળવે કરીને વિસ્તાર પામેલો, દુઃખના સમુહરૂપ ભસ્મ છે જેને વિષે એવો તથા અપકીર્તિરૂપ [illegible] ધનરૂપ ઇંધનના સમાગમે [illegible] એવો લોભરૂપ જે અગ્નિ તેને વિષે જ્ઞાનાદિક ગુણોને સમુહ પતંગીઆપણાને પામે છે અર્થાત્ ભસ્મીભૂત થઈ જાય છે.

પ્રાણીઓને જ્યારે લોભના યોગથી ધનની પ્રાપ્તિ થાય છે ત્યારે તેના મદવડે ઘૂર્ણિત નેત્રવાળો થવાથી તત્વાતત્વનો વિચાર તેના હૃદયમાંથી નાશ પામે છે સારાસારને ગણતોજ નથી, સ્વજનોનો સ્નેહ પણ તેમાંજ પર્યાપ્ત થાય છે અને પોતે પણ લોભના યોગવડે અનેક પ્રકારના શરીરના તથા મનના કષ્ટો સહન કરે છે. જેમાં પ્રવેશ થઈ શકે તેમ ન હોય તેવી અટવીને વિષે પણ ધનને માટે પરિભ્રમણ કરે છે, દેશાંતર જાય છે, અત્યંત ગહન એવા સમુદ્રનું અવગાહન કરે છે. અત્યંત ક્લેશકારક કૃષિ કર્મ કરે છે. કૃપણ સ્વામીની શેવા અંગીકાર કરે છે, તેમજ અનેક હસ્તિ તથા અશ્વાદિકોના સંચારે કરીને પ્રવેશ કરવાને પણ અશક્ય એવી યુદ્ધ ભૂમિમાંપણ પ્રાણ સાટે પ્રવેશ કરે છે. આ બધું દ્રવ્યવડે કરીને અંધ થઈ ગયેલી છે બુદ્ધિ જેની એવા પ્રાણીઓ કરે છે.

લોભ–અજ્ઞાનરૂપ વિષ વૃક્ષનું તો મૂળ છે, સુકૃતરૂપી સમુદ્રનું શોષણ કરવાને અગસ્તિ ઋષિ સરખો છે, ક્રોધરૂપી અગ્નિ ઉત્પન્ન કરવાને માટે અરણીના કાષ્ટ તૂલ્ય છે, પ્રતાપરૂપ જે સૂર્ય તેનું આચ્છાદન કરવાને મેઘ તૂલ્ય છે, ક્લેશનું તો ક્રિડાગૃહ છે, વિવેકરૂપી ચંદ્રને પરાસ્ત કરવાને રાહુ સદશ છે, આપત્તીરૂપી નદીઓનો સમુદ્ર છે અને કીર્ત્તિરૂપી લતાઓના સમુહનું ઉન્મૂળન કરવાને હસ્તિ સદશ છે. માટે ભવ્યજનોએ તો અવશ્ય તેનો ત્યાગ કરવો જોઈએ.

વળી દ્રવ્યાર્થી પુરૂષો શું શું કાર્ય નથી કરતા? અર્થાત્ સર્વે કાર્ય કરે છે. કહ્યું છે કે—

**नीचस्यापि चिरं चटू निरचयं त्यायांतिनीचैर्नतिं ।**
**शत्रोरप्यगुणात्मनोपिविदधत्युच्चैर्गुणोत्कीर्त्तनं ॥**
**निर्वेदं नविदंतिकिंचिदकृतज्ञस्यापिसेवाक्रमे ।**
**कष्टंकिं नमनस्विनोपिमनुजाःकुर्वंतिवित्तार्थिनः ॥**

ભાવાર્થ—માનવંત અને ડાહ્યા મનસ્વી મનુષ્યો પણ દ્રવ્યાર્થી થયા સતા કયા કયા કષ્ટને નથી કરતા? અર્થાત્ સર્વે કરે છે. જેમકે–નીચ જનોની પાસે પણ ચીરકાળ પર્યંત પ્રિય વચનો બોલે છે, નીચ પુરૂષોને નમસ્કાર કરે છે, નિર્ગુણી એવા શત્રુના પણ અતિશયે કરીને ગુણ વર્ણન કરે છે અને કૃતઘ્ન ગુણને નહીં જાણનારાળો એવા અકૃતજ્ઞની સેવા કરવામાં ત્યારે કિંચિત્ પણ ખેદને ધારણ કરતા નથી. આ સઘળું લોભના યોગવડે કરીને કરે છે. અત્યંત લોભથી પ્રાણી મૃત્યુના ભયને પણ લેખ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વતો નથી તેમ ગમે તેટલું દ્રવ્ય હોય તોપણ વિશેષ મેળવવા યત્ન કરે છે. આ પ્રસંગ ઉપર સાગર શેઠની કથા આ પ્રમાણે—

આ જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં પદ્મપુર નામે નગર છે ત્યાં અતિ ધનાઢ્ય એવો સાગર નામે શ્રેષ્ઠિ વસે છે. તે એવો કૃપણ છે કે એંઠે હાથે કાગડાને પણ ઉડાડતો નથી. એમ જાણે છે કે ઉચ્છિષ્ટ હાથે કાગડાને ઉડાડીશ તો મારા હાથમાં લાગેલા અન્નનું એંઠું કાગડાને મળશે. તે સાગર શેઠને સુશીલા ગુણવંતી નામે સ્ત્રી છે તેના એક સોમદત્ત, બીજો જયદત્ત, ત્રીજો ધનદત્ત અને ચોથો અમરદત્ત એવા ચાર પુત્રો છે. તે યૌવનાવસ્થાને પામ્યા ત્યારે તેણે પરણાવ્યા. ચારે પુત્રો પોતપોતાની સ્ત્રીઓની સંઘાતે ભોગ ભોગવતા કાળ ગુમાવે છે. અનુક્રમે શેઠની સ્ત્રી ગુણવતી મૃત્યુ પામી. શેઠ દુઃખ ધરવા લાગ્યા એટલે સ્વજનાદિકોએ દિલાસો આપીને શોક મુક્ત કર્યા.

એકદા તે શેઠના ચારે પુત્રો તેની આજ્ઞા મેળવીને વહાણમાં બેસી વેપાર માટે દેશાંતર ગયા. એટલે પાછળથી સાગરશેઠ છોકરાની વહુઓનો અવિશ્વાસ આવવાથી ઘર આગળજ ખાટલો ઢાળી હાથમાં લાકડી લઈને દ્રવ્યનું રક્ષણ કરવા માટે બેસવા લાગ્યા. એક દિવસે સાગર શ્રેષ્ઠીને રાજાએ રત્નની પરિક્ષા કરવા માટે બોલાવ્યો એટલામાં ફરતો ફરતો કોઈ યોગી તેને ઘેર આવ્યો તેને છોકરાની વહુઓએ મિષ્ટાન્ન જમાડી તૃપ્ત કર્યો. ત્યારે યોગીએ પ્રસન્ન થઈને તે સ્ત્રીઓને એક મંત્ર આપ્યો અને કહ્યું કે તમે કોઈ પણ લાકડા ઉપર બેસી, આ મારો આપેલો મંત્ર ભણી તે લાકડા ઉપર અડદના દાણા છાંટીને પછી તમારે જ્યાં જવું હોય તે સ્થાનનું નામ લઈને કહેજો કે આને તું અમુક સ્થાનકે પહોંચાડ—તો એ લાકડું જ્યાં જવા ઈચ્છશો ત્યાં પહોંચાડશે. એમ કહી મંત્રનો પ્રભાવ કહીને યોગી ગયો પછી ચારે સ્ત્રીઓએ મળીને એક મોટું લાકડું ઘરને વિષે રાખ્યું અને તે ઉપર બેસીને નિરંતર અનેક સ્થાનકે જઈને અનેક પ્રકારના કૌતુક જોવા લાગી. પરંતુ એ વાતની શેઠને ખબર પડવા દીધી નહીં.

હવે સાગર શ્રેષ્ઠીની પગચંપી વિગેરે કરવા સારૂ એક હજામ દરરોજ આવે છે તેણે એક દિવસ એ મોટું લાકડું નજરે જોઈને વિચાર કર્યો કે આ લાકડું એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાય તેવું નથી તે છતાં અહીં ઘર આગળ પડેલું છે તેથી જરૂર એમાં કાંઈ ચમત્કાર હોય એમ જણાય છે. આ પ્રમાણેનો વિચાર કરતાં અને શેઠની ચાકરી કરતાં હજામને ઘણો વખત થઈ ગયો. રાત્રી બહુ ગઈ. એટલે શેઠને નિદ્રા આવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગી. શેઠે નાપીતને રજા આપી કે તું જા, તેપણ નાપિત ત્યાં છાનો-માનો શેઠના ઢોલીઆની નીચે સુઈ ગયો. શેઠે નાપિત ગયો જાણીને બારણાં દ્વાર બંધ કર્યાં. શેઠ ઘોર નિદ્રામાં આવ્યા એટલે ચારે સ્ત્રીઓ વસ્ત્રાલંકાર સજીને ઘર બહાર નીકળી. નાપિત પણ પ્રસન્નપણે પાછળ થયો. એટલે સ્ત્રીઓ તો કાષ્ટ ઉપર બેસીને મંત્રના પ્રભાવથી આકાશ માર્ગે રત્નદ્વિપે જઈ મનોરથ પૂર્ણ કરીને પાછલી રાત્રે ઘેર આવી. તેને જોઈને નાપિતે વિચાર કર્યો કે આ સ્ત્રીઓ ક્યાં જઈ આવી હશે? જુઓ આ સ્ત્રીઓનું કેવું સાહસ છે! આમ વિચારતો પોતાને ઘરે ગયો.

બીજે દિવસે પણ પૂર્વોક્ત રીતે નાપિતે કર્યું અને શેઠને સુવાનો વખત થયો એટલે તે લાકડાના પોલાણમાં પેઠો. કહ્યું છે કે–

नराणां नापितो धूर्त्तः पक्षिणां धूर्त्त वायसः ।
वर्णानां वणिको धूर्त्तो नारीणांगणिकामता ॥

"મનુષ્યોમાં નાપિત (હજામ) ધૂર્ત્ત છે, પક્ષિઓમાં કાગડો ધૂર્ત્ત છે, ચાર વર્ણમાં વણિક ધૂર્ત છે. અને સ્ત્રી જાતીમાં ગણિકા ધૂર્ત્ત છે."

સાગરશ્રેષ્ઠીએ નાપિતને ગયો જાણી બારણાં બંધ કર્યાં. તે નિદ્રાવશ થયો એટલે સ્ત્રીઓ બહાર નીકળી લાકડા ઉપર બેસી રત્નદ્વિપે ગઈ. ત્યાં લાકડા ઉપરથી ઉતરીને પોતાના મનોરથ પૂર્ણ કર્યા તે સર્વ નાપિતે જોયું. પછી પોતે લાકડાની પોલાણમાંથી નીકળીને ઘણાક અમૂલ્ય રત્નો લઈ લાકડામાં પેઠો અને સ્ત્રીઓની સાથે પાછો ઘેર આવ્યો. સ્ત્રીઓ લાકડા ઉપરથી ઉતરી ઘરમાં ગઈ એટલે નાપિત પણ પોલાણમાંથી નીકળીને પોતાને ઘેર ગયો. ત્યારપછી દ્રવ્યવાન થવાથી સાગરશ્રેષ્ઠિનું આનુચર્ય કરવા આવ્યો નહીં.

એક દિવસ શેઠ પાસે નાપિતે આવી નમસ્કાર કરીને પોતાનું દર્પણ બતાવ્યું તે વખતે ઘણે દિવસે આવેલા નાપિતને શેઠે ઠપકો આપ્યો. ત્યારે ખોટા સાચા જવાબ આપીને પછી પોતે રત્ન દ્વિપમાંથી લાવેલું એક રત્ન શેઠને બતાવ્યું. તે જોઇને શેઠે કહ્યું કે આ રત્ન દેવતાઈ, ઘણા મૌલ્યવાળું અને સકળ ભુમંડળાધિપતિને પણ ન મળે તેવું તને ક્યાંથી મળ્યું તે કહે. તે વારે તેણે કહ્યું કે તમારાજ ઘરમાંથી મને એ રત્ન મળેલું છે શેઠે કહ્યું કે–હે મૂર્ખ! ખોટું બોલ નહીં. અમારા ઘરમાં એવું રત્ન ક્યાંથી? તે સાંભળીને હજામે યથાસ્થિત જેવી બની હતી તેવી સઘળી વાત સવિસ્તર કહી સંભળાવી. ત્યારે શેઠે કહ્યું કે મારે પણ તેમ કરવું છે. પછી

For Private And Personal Use Only

તેજ રાત્રે જ્યારે સ્ત્રીઓ કાષ્ટ ઉપર બેસવા આવી તે પહેલાં શેઠ તેના [illegible] ખુમાં જઇને બેઠો અને મનમાં વિચારવા લાગ્યો. પછી જ્યારે રત્નોનો ઢગલો કરવા ગઈ ત્યારે શેઠ તેમ જાણે તેમ [illegible] રત્નો એકઠા કરી મોટા લાકડા માંહીને પાછો બાકડામાં બેઠો. પાછળથી સ્ત્રીઓ પણ આવીને બેઠી. મંત્ર યોગે લાકડું ઉડયું પરંતુ ઘણા રત્નોનો તથા શેઠના ભાર થઇ જવાથી ધીમે ધીમે ચાલવા માંડયું. તેને જોઈને સ્ત્રીઓ વિચારવા લાગી કે અરે આજે કાષ્ટ બરાબર ચાલતું નથી અને નમતું જાય છે માટે જો ઘેર જતાં વખત લાગશે તો આપણને સસરો ખીજશે. માટે હવે શો ઉપાય કરવો. એમ પરસ્પર કહેવા લાગીઓ એટલે તેના વચન સાંભળીને લાકડાના કોતરમાં રહેલો સાગર શ્રેષ્ટિ કહેવા લાગો કે "તમે લગાર પણ ભય રાખશો નહીં જેનો તમને ભય છે તે તો હું તમારી સાથેજ છું." આ વચન સાંભળીને સર્વે સ્ત્રીઓ આશ્ચર્ય પામી વિચારવા લાગી જે "અરે! આ ક્યાંથી આપણી સાથે આવ્યો! આણે બધા આપણા છીદ્રો જોયા માટે હવે જો એ પાછો ઘેર આવશે તો આપણને ફજેત કરશે તેથી તેને આ સમુદ્રમાંજ નાખી દો" એમ વિચારી કાષ્ટને હલાવીને રત્નો સુધાં શેઠને સમુદ્રમાં નાંખી દીધો. શેઠ સમુદ્રમાં ડુબીને આર્તધ્યાને મરણ પામી દુર્ગતિએ ગયો. અતિ લોભ કરવાથી પ્રાણીના આવા હવાલ થાય છે માટે ભવ્ય જનોએ સંતોષને ધારણ કરીને લોભનો ત્યાગ કરવો. જ્યાં સુધી લોભનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી ક્યારે પણ સર્વ નિર્લોભિપણું પ્રાપ્ત થવાતું નથી માટે તેનો ત્યાગ કરી મોક્ષ સુખ પામવા માટે પ્રશસ્તપણે મોક્ષ સુખની વાંછા કરો જેથી યાવત્ વાંછીત સુખ પ્રત્યે પામો. તથાસ્તુ.

# संबोधसत्तरि.

नमिऊण तिलोयगुरुं लोआलोअप्पयासयं वीरं ।
संबोहसत्तरिमहं रएमि उद्धार गाहाहिं ॥ १ ॥

ભાવાર્થ—ત્રણ જગતને વિષે ઉપકાર બુદ્ધિ ધારણ કરી સર્વ જીવ આશ્રી ઉપદેશ આપવાથી ત્રણ જગત્‌ના ગુરૂ, કેવળ જ્ઞાન અને કેવળ દર્શને કરી લોકાલોકના પ્રકાશક શ્રી વીર પરમાત્માને નમસ્કાર કરીને—મતિ કલ્પનાએ નહિ— પણ સૂત્રોમાંથી ગાથા ઉદ્ધરિને— હું સંબોધસત્તરિ નામે ગ્રંથ રચું છું.

सेयंबरोय आसंबरोय बुद्धोयअहवअन्नोवा ।
समभावभावियप्पा लहइमुक्खंन संदेहो ॥ २ ॥

ભાવાર્થ—શ્વેતાંબર હોય, દિગંબર હોય, બુદ્ધિ હોય અથવા અન્ય હોય પણ જેનો આત્મા સમભાવે ભાવિત હોય તે મોક્ષ પામે તેમાં સંદેહ નથી. મોક્ષ મેળવવામાં કાંઈ પક્ષપાત ચાલતો નથી. પોતે ગમે તે મતનો હોય પણ જો તેના ચિત્તમાં ખરેખરો [1]સમભાવ પ્રગટ હોય તો મોક્ષ પામવાને લાયક થાય જેઓ તત્વને સમજ્યા શિવાય અમુક જાતિનો, અમુક ધર્મનો પ્રાણિ મોક્ષ પામે એવું કહેનાર છે તે પક્ષપાતી છે એમ આ ગાથાથી પ્રગટપણે બતાવ્યું છે.

अठदोसरहिओदेवो धम्मोविनिउणदयसहिओ ।
सुगुरुविबंभयारी आरंभपरिग्गह विरओ ॥ ३ ॥

ભાવાર્થ—અઢાર દૂષણે રહિત દેવ, નિપુણ દયાએ યુક્ત ધર્મ અને બ્રહ્મચારી તથા આરંભ પરિગ્રહથી વિરક્ત હોય તે ગુરૂ. કર્તા કહે છે કે અમારે કોઈ પણ દેવ ઉપર પક્ષપાત નથી. ગમે તે નામ હોય અથવા ગમે તે હોય પણ જેઓ અઢાર દૂષણે રહિત હોય તેજ દેવ છે. જે દેવને અઢાર દૂષણમાંથી કોઈ પણ દૂષણ હોય તે દેવ પણાને લાયક નથી. કાર્યા કાર્ય, સારા સાર, હેયોપાદેયના વિચાર યુક્ત જે ધર્મના તત્વમાં દયાને શ્રેષ્ટ માની હોય તેજ ધર્મ પરંતુ દયાથી વિરક્ત હિંસામય–તત્વ, વિચાર–ક્રિયાઓ બતાવી હોય તેને ધર્મ કહી શકતા નથી. વળી ગુરૂની વ્યાખ્યામાં બતાવે છે કે અમારે આવો વેષ ધારણ કરે, આવા ચિન્હ હોય તેનેજ ગુરૂ માનવા એવો પ્રતિબંધ નથી પરંતુ જેઓ બ્રહ્મચર્ય ગુણે યુક્ત અને આરંભ પરિગ્રહથી વિરક્ત હોય તેને અમે સુગુરૂ કહીએ છીએ.

હવે પ્રથમ દેવના અઢાર દૂષણો ગણાવે છે–જે નષ્ટ થવાથીજ દેવપણું પ્રાપ્ત થાય છે.

अन्नाण कोहमय माण, लोहमाया रइय अरइय ।
निद्दा स्सोअ अलिय वयण, चोरिआ मच्छर भयाय ॥४॥
पाणिवह पेम कीलापसंग, हासायजस्सएदोसा ।
अट्ठारस विपणट्ठा, नमामि देवाहि देवत्तं ॥ ५ ॥

[1] લોષ્ટ કાંચન અને શત્રુ મિત્રાદિકને વિષે જે એક સરખી દૃષ્ટિ અને વસ્તુનું યથાસ્થિત સ્વરૂપ વિચારવું. જડ ચૈતન્યનો ભેદ ભાવ યથાર્થ જાણવો અને આદરવો તેનું નામ સમભાવ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવર્થ—અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, અસત્ય વચન, ચોરિ, મત્સર, ભય, પ્રાણિ વધ, પ્રેમ, ક્રિડાપ્રસંગ અને હાસ્ય એ અઢાર દૂષણ જેનામાંથી નાશ પામ્યા છે તેવા દેવાધિદેવને નમસ્કાર કરૂં છું. આ અઢાર દૂષણમાંથી એક પણ દૂષણ વાળાને કોઈ વિવેકી દેવ તરીકે માને નહિ. કારણ કે એક દૂષણને યોગે બીજા ઘણા દૂષણનો સંભવ થાય, માટે ઉક્ત સર્વ દૂષણથી રહિત હોય તેજ દેવ. ૧

પ્રકારાંતરે બીજા પણ અઢાર દોષ બતાવ્યા છે તે આ પ્રમાણે ૧ દાનાંતરાય ૨ લાભાંતરાય ૩ ભોગાંતરાય ૪ ઉપભોગાંતરાય ૫ વીર્યાંતરાય ૬ હાસ્ય. ૭ રતિ (પદાર્થો ઉપર પ્રીતિ) ૮ અરતિ ૯ ભય ૧૦ જુગુપ્સા (મલીન વસ્તુને દેખીને નાક ચડાવવું તે) ૧૧ શોક (ચિત્તનું વૈધુર્યપણું) ૧૨ કામ ૧૩ મિથ્યાત્વ (દર્શન મોહ) ૧૪ અજ્ઞાન (મૂઢપણું) ૧૫ નિદ્રા ૧૬ અવિરતિ ૧૭ રાગ (પૂર્વ સુખનું સ્મરણ અને તેના સાધનને વિષે ગૃદ્ધિપણું) ૧૮ દ્વેષ (પૂર્વ દુઃખોનું સ્મરણ અને પૂર્વ દુઃખ વિષય અથવા તેના સાધન વિષય ક્રોધ) આ પ્રમાણે જે અઢાર દોષ તેથી રહીત તેનેજ દેવ સમજવા.

વિશેષાર્થ—પ્રથમના પાંચ પ્રકારના અંતરાય ક્ષય થવાથી અરીહંત ભગવંતમાં પૂર્ણ પાંચ શક્તિઓ પ્રગટ થાય છે. પછી દાનાદિચાહે કરે અથવા ન કરે પરંતુ શક્તિઓ વિદ્યમાન છે. જે એ પાંચ શક્તિ રહીત હોય છે તે દેવ હોઈ શકેજ નહીં.

૬ હાસ્ય—એટલે હસવું આવે છે તે અપૂર્વ વસ્તુ દેખવાથી, અપૂર્વ વસ્તુ સાંભળવાથી અથવા અપૂર્વ આશ્ચર્યના અનુભવનું સ્મરણ થવાથી આવે છે. એ સઘળા હાસ્યના નિમિત્ત છે અને હાસ્યનું મોહ કર્મની પ્રકૃતિરૂપ ઉપાદાન કારણ છે એ બંને કારણ અર્હત ભગવંતમાં નથી કેમકે ભગવંત સર્વજ્ઞ, સર્વ દર્શી છે એના જ્ઞાનમાં કોઈ વસ્તુ અપૂર્વ નથી કે જેના દેખવા, સાંભળવાથી હસવું આવે અને મોહ કર્મનો ભગવતે સર્વથા ક્ષય કરેલું છે તેથી હાસ્યનું દૂષણ ભગવંતમાં નથી. જે હસે છે તે જરૂર અસર્વજ્ઞ, અસર્વ દર્શી તથા મોહે કરીને સંયુક્ત હોય છે તો તે પરમેશ્વર કેમ કહેવાય?

૭ રતી—એટલે પ્રીતિ તે જેમની પદાર્થો ઉપર પ્રીતિ હશે તે જરૂર સુંદર શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સ્ત્રી આદિકની ઉપર પ્રીતીવાળો હશે. અને જે પ્રીતિમાન્ હશે તે તે પદાર્થોની લાલસાવાળો હશે અને જે લાલસાવાળો હશે તે તેની અપ્રાપ્તિથી દુઃખી હશે તો તેને પરમેશ્વર કેમ કહેવાય? અર્હત ભગવંતમાં એ દૂષણ સર્વથા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ અરતિ—જેની પદાર્થો ઉપર અપ્રીતિ હશે તે પોતે અપ્રીતિરૂપ દુઃખે કરીને દુઃખિત હશે તેને પરમેશ્વર કેમ કહેવાય?

૯ ભય—જેણે પોતાના ભય દૂર કર્યા નથી તે ઇશ્વર કેમ થાય?

૧૦ જુગુપ્સા—મલીન વસ્તુને દેખીને નાક ચડાવવું તે પરમેશ્વરના જ્ઞાનમાં તો સર્વ વસ્તુનું પ્રતિભાસન થાય છે તેથી જો એ દોષ હોય તો મોટું દુઃખ થઈ પડે. માટે જેનામાં એ દોષ હોય તે પણ પરમેશ્વર ન કહેવાય.

૧૧ શોક—જે પોતે શોકવાળાં છે તે પરમેશ્વર નહી.

૧૨ કામ—જે પોતેજ વિષયી છે અને સ્ત્રીયોની સાથે ભોગ કરે છે તે વિષયાભિલાષીને કોણ બુદ્ધિમાન પુરૂષ પરમેશ્વર માને? એતો પ્રત્યક્ષજ અજ્ઞાનતા છે કે અર્ધાંગે સ્ત્રી દેખવા છતાં તેને દેવ માનવા અને નમસ્કાર કરવો.!

૧૩ મિથ્યાત્વ—એટલે જે પ્રાણી દર્શન મોહે કરીને લીપ્ત છે અર્થાત્ જેણે વસ્તુ સ્વરૂપ યથાર્થ જોયુ નથી તેને સર્વ દર્શી કહેવાય નહીં તેમજ જે સર્વ દર્શી નથી, યથાર્થપણે સર્વ વસ્તુને દીઠી નથી તેને પરમેશ્વર પણ કહેવાય નહીં.

૧૪ અજ્ઞાન—જે પોતેજ અજ્ઞાનવાન્ છે તે તો ઈશ્વર હોયજ નહીં.

૧૫ નિદ્રા—જે પ્રાણીને નિદ્રા આવે છે તે નિદ્રા સમયે કાંઈ પણ દેખી જાણી શકતો નથી અને દેવમાં સર્વજ્ઞપણું હોવું જોઈએ તેથી સર્વજ્ઞમાં નિદ્રા દોષનો સંભવજ નથી.

૧૬ અપ્રત્યાખ્યાન—જે પ્રત્યાખ્યાન રહીત છે તે સર્વાભિલાષી છે અને જે તૃષ્ણાવાન્ છે તે અર્હત ભગવંત કેમ હોય?

૧૭–૧૮ રાગ અને દ્વેષ—આ બે દુષણવાળા જે હોય છે તે મધ્યસ્થ હોતા નથી વળી જે રાગ દ્વેષવાળા હોય છે તેનામાં ક્રોધ, માન, માયાનો સંભવ છે અને ભગવંત તો વિતરાગ, સમ શત્રુ મિત્ર સર્વ જીવો ઉપર સમબુદ્ધિ, ન કોઈને દુઃખી કરે અને ન કોઈને સુખી કરે, જો દુઃખી સુખી કરે તો ભગવંત કરૂણા સમુદ્ર કહેવાયજ નહીં તેથી જે રાગ દ્વેષવાળા છે તે પરમેશ્વર નહીં. કદી કોઈ પ્રશ્ન કરે કે 'સર્વને સુખીજ કરે તો શો દોષ?' પરંતુ પ્રાણી પોત પોતાના કર્મને વશ છે. જૈન માર્ગમાં કાંઈ પક્ષપાત નથી તેમ સર્વ પ્રાણી એક સરખા કર્મવાળા હોય નહીં તેથી જે સુખી કરે તેને બીજાની ઉપેક્ષા કરવાનું તેમજ દુઃખી કરવાનું કલંક લાગેજ એટલે જેનામાં રાગ હોય તેનામાં દ્વેષનો સંભવતો છેજ તેથી એ બંને દોષવાળાને પરમેશ્વર કહેવાયજ નહીં.

જૈન માર્ગમાં જે ઉપર જણાવેલા ૧૮ દોષે રહીત હોય તેનેજ દેવ, ઈશ્વર, પરમેશ્વર, સર્વજ્ઞ, ભગવંતાદિક ઉપમાને યોગ્ય કહ્યા છે. જેમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામાં એ દોષમાંથી એક દોષનો પણ સદ્ભાવ જોવામાં આવે છે તેનામાં ન્યાય બુદ્ધિએ જોતાં એ અઢારે દોષોનો સંભવ થાય છે. વિષય વધી જ. વાના ભયથી એ સંબંધી વિશેષ વિસ્તાર અહીં કર્યો નથી. જિજ્ઞાસુએ અન્ય ગ્રંથોમાંથી જોઈ લેવો. હવે દેવનું સ્વરૂપ કહ્યા પછી ધર્મનું તથા ગુરૂનું સ્વરૂપ કહેશે આ ગ્રંથમાં અનેક વિષયોનું વર્ણન હોવાથી ભવ્ય જીવના ઉપગાર નિમિત્તે તેમજ અનેક વિષયોનું જાણપણું સહેલાઈમાં થઈ શકે એવા હેતુથી આ ગ્રંથ દાખલ કર્યો છે. સુજ્ઞ વાંચનાર આ ગ્રંથ માં. હેના વિષયોનું વિશેષ પ્રકારના ફળની પ્રાપ્તિ મેળવશે.

# प्रतिक्रमण.

(સાંધણુ પાને ૧૪૪ થી).

## કાર્યોત્સર્ગના ૧૯ દોષ નીચે પ્રમાણે.

૧. ઘોડાની પરે એક પગ ઉંચો રાખે, વાંકો પગ રાખે તે ઘોટક દોષ.

૨. જેમ વાયરાથી વેલડી તેમ શરીરને ધુણાવે તે લતા દોષ.

૩. થાંભલા પ્રમુખને ઓઠીંગણ દઈ રહે તે સ્તંભાદિ દોષ.

૪. ઉપર મેડી અથવા માળ હોય લેને મસ્તક ટેકાવી રહે તે માલ દોષ.

૫. ગાડાની ઉધિનીપરે અંગુઠા તથા પાની મેળવીને પગ રાખે તે ઉધિ દોષ.

૬. નિગડમાં પગ નાખ્યાનીપરે પગ પહોળા રાખે તે નિગડ દોષ.

૭. નગ્ન ભિલ્લડીની પરે ગુહ્યસ્થાનકે હાથ રાખે તે શબરિ દોષ.

૮. ઘોડાના ચોકડાની પરે હાથ રજોહરણ યુકત આગળ રાખે તે ખલિણ દોષ.

૯. નવ પરણીત વધૂનીપરે માથું નીચું રાખે તે વધૂ દોષ.

૧૦. નાભિની ઉપર અને ઢીંચણથી નીચે જાતુ ઉપર લાંબુ વસ્ત્ર રાખે તે લંબોત્તર દોષ[૧]

૧૧. ડાંસ મસાના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદન કરી સ્ત્રીનીપરે ઢાંકી રાખે તે સ્તન દોષ.

૧૨. શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બંને સ્કંધ ઢાંકી રાખે એટલે સમગ્ર શરિર આચ્છાદિત રાખે તે સંયતિ દોષ.

---

૧ એ દોષ સાધુ આશ્રી જાણવો. કેમકે નાભિથી નીચે અને ઢીંચણથી ચાર આંગળ ઉપર સાધુને ચોળપટો પહેરવો કહ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫. પહેરેલા વસ્ત્ર યૂકા અથવા પ્રસ્વેદે કરી મલિન થવાના ભયથી કોઠનીપરે લુગડું ગોપવી રાખે તે કપિથ્થ દોષ.

૧૬. યક્ષાવેશિતનીપરે માથું ધૂણાવે તે શિરઃકંપ દોષ.

૧૭. મુંગાનીપરે હું હું કરે તે મૂક દોષ.

૧૩. આલાવો ગણવાને અર્થે અથવા કાયોત્સર્ગની સંખ્યા ગણવાને અંગુલી તથા પાંપણના ચાળા કરે તે ભમુહંગુલી દોષ.

૧૪. કાગડાનીપરે ડોળા ફેરવે તે વાયસ દોષ.

૧૮. આલાવો ગણતા મદિરાનીપરે બડબડાટ કરે તે મદિરા દોષ.

૧૯. વાનરનીપરે આશપાશ જોયા કરે, ઓષ્ટપુટ ચલાવે તે પ્રેષ્ય દોષ.

કાયોત્સર્ગના એ પ્રકારે ઓગણીશ દોષ છે કેટલાએક ભમુહ અને અંગુલી એ બે જુદા દોષ ગણે છે તે વારે વીશ થાય. તે ૧૯ માં લંબુત્તર, સ્તન અને સંયતિ એ ત્રણ દોષ સાધ્વીને ન હોય; કેમકે એનું શરીર વસ્ત્રાવૃત હોય. માટે સાધ્વી આશ્રી શોળ દોષ જાણવા. અને તેમાંથી એક વધૂ દોષ ન ગણતા શ્રાવિકાને બાકીના પંદર દોષ લાગે.

એ પ્રમાણેના દોષે રહિત પૂર્વોક્ત પ્રકારે પ્રથમ કાયોત્સર્ગ ચારિત્રાચારની શુદ્ધિ અર્થે કરવો. એ કાયોત્સર્ગને વિષે સાધુને ફક્ત એક ગાથાનો અર્થ ચિંતવવાનો છે, એટલે પ્રભાત કાળની પ્રતિલેખનાથી દિવસના તે કાળ પર્યંત જે અતિચાર દોષ લાગ્યા હોય તે વિચારીને મનમાં ધારી રાખવા. કારણ કે તે પછી ગુરૂ પાસે તે તે દોષોની આલોચના કરવાની છે; જેથી એ પ્રમાણે ધારણ કરી ન રાખ્યા હોય તો દોષ રહી જાય અને સમ્યક્ રીતે આલોચના ન થાય. લોકીક વ્યવહારને વિષે પણ રાજા પ્રમુખ આગળ કાંઈ વિજ્ઞપ્તિ કરવી હોય તો પ્રથમથી ધારીને કહેવાગાં આવે છે અથવા કાગલમાં ગોઠવીને લખવામાં આવે છે તેવીજ રીતે આ સ્થાનકે પણ સમજવું. શ્રાવકોને એ કાયોત્સર્ગમાં અતિચારની આઠ ગાથા ગણવાની છે અને તેમાં કહ્યા પ્રમાણે અતિચાર દૂષણમાંથી જે પોતાને તે દિવસમાં લાગ્યા હોય તે ધારી રાખવા. અપૂર્ણ.

## बंगाला एशीयाटीक सोसाइटीना सेक्रेटरी डाक्तर होर्नेल साहेबनुं वखाणवा लायक कृत्य.

શ્રીમન્ મુનિમહારાજ શ્રી આત્મારામજી (આનંદવિજયજી) ની સાથે શ્રી કલકત્તાવાળા ડાક્તર હોર્નલને જે પત્ર વ્યવહાર ચાલેલો છે તે અમારા સુજ્ઞ વાંચનારાઓના જાણવામાં છે. સદરહુ ડાક્તર હોર્નલે આપણા સાતમા અંગ ઉપાસગ દશાંગના મૂળને તથા ટીકાને શોધીને એક ગ્રંથ છપાવ્યો છે તેમજ બીજા ગ્રંથમાં તેજ સૂત્રના મૂળનો તથા ટીકાનો અંગ્રેજી તરજુમો છપાવ્યો છે. અત્યાર સુધીમાં તેણે જે જે પ્રશ્નો પુછેલા તેના ઉત્તરો મહારાજશ્રીએ બહુજ ખાત્રીકારક આપેલા તે ઉપરથી તેમજ મહારાજ શ્રીની રીતભાત અને જૈનશાસ્ત્રો સંબંધી સંપૂર્ણ જ્ઞાનથી ડાક્તર હોર્ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લ બહુજ પ્રસન્ન થયા છે અને તેથી તેણે સદરહુ **શ્રી ઉપાસગ દશાંગ સુત્રના મુળ તથા ટીકાના શોધનનો ગ્રંથ** મહારાજ સાહેબને અર્પણ કર્યો છે. એટલુંજ નહીં પણ મહારાજશ્રીની પ્રશંસાના ચાર શ્લોકો તેણે નવા બનાવીને તે ગ્રંથની આધમાં દાખલ કર્યા છે.

તે શ્લોકો નીચે પ્રમાણે.

**दुराग्रह ध्वांत विभेदभानो हितोपदेशामृत सिन्धु चित्त !**
**संदेह संदोह विनाशकारिन् जिनोक्तधर्मस्यधुरंधरोसि ॥१॥**
**अज्ञानतिमिरभास्कर मज्ञाननिवृत्तये सहृदयानाम् ।**
**आर्हत तत्वादर्शं ग्रंथमपरमपिभवानकृत. ॥ २ ॥**
**आनंदविजय श्रीमन्नात्माराम महामुने ।**
**मदीय निखिलप्रश्न व्याख्यातःशास्त्रपारग ॥ ३ ॥**
**कृतज्ञता चिन्हमिदं ग्रंथसंस्करणं कृतिन् ।**
**यत्नसंपादितं तुभ्यं श्रद्धयोत्सृज्यतेमया ॥ ४ ॥**

અસ્યાર્થ.

" હે દુરાગ્રહરૂપી અંધકારને દૂર કરવાને સૂર્યસમાન ! હિતોપદેશરૂપી અમૃતના સમુદ્ર જેવું છે ચિત્ત જેનું ! સંશયોના સમુહને દુર કરનાર ! તમે શ્રી જિનેશ્વર કથિત ધર્મના ધુરંધર છો."

" આપે સુજ્ઞજનોના અજ્ઞાનને દૂર કરવા માટે **અજ્ઞાન તિમિર ભાસ્કર** નામનો ગ્રંથ રચ્યો છે અને બીજો ગ્રંથ **જૈનતત્વા દર્શ** નામનો રચ્યો છે." ૨

**" હે મહામુનિ શ્રીમાન આત્મારામજી ઊર્ફે આનંદવિજયજી !** વળી મારા સઘળા પ્રશ્નોના ખુલાસા કરવાથી હે શાસ્ત્રનો પાર પામનાર ! યત્નથી ઉત્પન્ન કરેલું આ ગ્રંથનું શોધન આપે કરેલા ઉપગારની નિશાની તરીકે આપને શ્રદ્ધા સહીત અર્પણ કરૂં છું." ૩ ૪.

**કલકત્તા.** હું છું તમારો ખરો.
તા૦ ૨૨-૪-૯૦ **ડાક્તર હોર્નલ.**

ઉપરના શ્લોકો વાંચવાથી અમારા સુજ્ઞ વાંચનારાઓના લક્ષમાં આવવુંજ જોઈએ કે હાલના સુધરેલા જમાનામાં પરિક્ષા કરીનેજ પ્રશંસા કરનાર અને સત્ય શોધવા ચહાનાર ઇંગ્રેજ આ પ્રમાણે આપણા મુની મહારાજાની સ્વયમેવ પ્રશંસા કરે એ કાંઈ ઓછું હર્ષકારક નથી. તેમજ એવા મુનીમહારાજાઓથી જૈનધર્મ દિન પરદિન વિશેષ ખ્યાતિ પામતો જાય છે એ પણ નિશંસય વાત છે.

આવા ખબર વાંચીને સર્વે જૈનીભાઇઓ અવસ્ય હર્ષિત થશે એટલા માટે આ હકીકત બહાર પાડવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાઓનો સંગ્રહ સંસ્કૃતમાંથી ભાષાંતર કરીને બહાર પાડવાને માટે બુકના પ્રમાણમાં કીફાયત કિંમતથી વિચાર રાખવામાં આવ્યો છે. પ્રથમના ગ્રાહકને માટે રૂ ૧। રાખવામાં આવેલ છે. છાપવાનું કામ શરૂ છે. તૈયાર થયેથી બીન વિલંબે થયેલા ગ્રાહકને મોકલાવવામાં આવશે. નવા ગ્રાહક થનારને હજુ વખત છે. બહાર પડ્યા પછી રૂ ૧॥ કિંમત બેસશે? બહાર ગામવાળાઓએ પોસ્ટેજ જુદુ મોકલવું.

**શ્રી વચ્છરાજનો રાસ.** કીંમત છ આના.

શ્રી બારેજાવાળા યતિ ઋષભવિજયજી કૃત ચાર ખંડ, છ ગ્રન્થાગ્રે સંયુક્ત વાંચનારના મનને રસ ઉત્પન્ન કરે તેવો નીચે સહી કરનાર તરફથી છપાઇને ટુંકી મુદતમાં બાહેર પડશે. જોઇએ તેણે પત્રદ્વારા ખબર આપવી. પાછળથી કિંમત વધારે બેસશે. પ્રથમથી છ આના. પોસ્ટેજ જુદું.

મુ. બારેજા. } શ્રી જૈન બાળોદય સભા તરફથી.
વાડીલાલ ઓઘડ વહોરા

## જાહેર ખબર.

નીચે જણાવેલા પુસ્તકો નીચે સહી કરનાર પાસેથી તેમજ અમારી ઓફીસમાંથી પણ મળશે. કિંમત ઉપરાંત પોસ્ટેજ જુદુ સમજવું.

**प्रबंधचिंतामणिः** ગુજરાતી ભાષાંતર સહીતના રૂ ૩) મુળ એકલાના અથવા ભાષાંતર એકલાના રૂ ૨) આ ગ્રંથ સરકારી નિશાળના વિદ્યાર્થીઓને, ગુજરાતના ઇતિહાસમાં વધારે સુજ્ઞપણું મેળવવામા તેમજ જૈન ધર્મનો પ્રભાવ જાણવામાં ઘણોજ ઉપયોગી છે.

**रंभामंजरीना टीका जैनी संस्कृत.** કીંમત રૂ ૦॥.

**वैराग्यरत्नाकर भाग पहेलो** જેમાં વૈરાગ્ય શતક સવિસ્તર બાળાવબોધ તથા કથાઓ સહીત છે. કીંમત રૂ ૧)

મુ. અમદાવાદ. } શાસ્ત્રી. રામચંદ્ર દિનાનાથ
સાંકડીશેરીમાં જતીની પોળ

## ગ્રાહકોને લવાજમ મોકલવાની સગવડ.

ગયા અંકમાં અમારા બહાર ગામના એજંટોના નામો બહાર પાડેલા છે. તેમને લવાજમ ભરવાથી અમને પહોંચી શકશે લવાજમ એજંટને ભર્યાના ખબર લખવા. નીચેનું નામ એજંટમાં વધારેલું છે.

શ્રીપુના લશ્કર. શા. સરૂપચંદ કેવળચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## श्री अभयकुमार मंत्रीश्वरनो.

ઔત્પાતિકી વિગેરે અનેક પ્રકારની બુદ્ધીઓનો પ્રકાશ કરનાર આ રાસ હાલમાંજ છપાવીને બહાર પાડવામાં આવ્યો છે. કીંમત માત્ર છ આના છે. પોસ્ટેજ એક આનો. રસીકતા વાંચનારનેજ જણાય તેમ છે.

## लवाजमनी पहोच.

૧—૩ શા. અમુલખ મોતીચંદ.
૩—૯ મેતા. કલ્યાણજી મુળજી.
૨—૬ શેઠ. વજેચંદ પ્રેમચંદ.
૧—૩ શેઠ. સખારામભાઈ દુલભદાસ.
૨—૬ શા. જેઠાલાલ કલ્યાણજી.
૧—૩ શા. પ્રેમચંદ નાથજી.
૨—૬ શા. માણેકચંદ ત્રીભુવન.
૧—૩ શા. દેવચંદ જેઠા.
૧—૩ શા. ગીરધરલાલ લાલચંદ.
૦—૬ શા. જીવણ પાનાચંદ.
૨—૬ કામદાર ઓતમચંદ જેઠાભાઈ.
૧—૦ વોરા. ફુલચંદ રણછોડ.
૧—૩ શા. ભીખા અંબાવીદાસ
૨—૬ શા. દેવજી નાગશી
૧—૩ શા. વસ્તારામ સાંકળચંદ.
૧—૩ શા. ફુલચંદ કચરા.
૧—૩ શા. આગરચંદ કાનજી.
૧—૩ શા. પુનમચંદ મગનચંદ.
૧—૩ શા. રતનજી પ્રેમચંદ.
૧—૩ વોરા. હીરાચંદ લક્ષ્મીચંદ.
૧—૩ વકીલ. નાગજી સુંદરજી.
૨—૬ શેઠ. રામજી માધવજી.
૧—૩ શા. લાલચંદ કીલા.
૧—૪ શા. તેજચંદ ભીમજી.
૨—૨ શેઠ. મનસુખભાઈ ભગુભાઈ
૧—૩ શેઠ મગનલાલ ઠાકરશી.
૧—૩ રા. રા. ગીરધરલાલ હીરાભાઈ
૧—૩ શા. ખુશાલ પાનાચંદ.
૧—૩ વકીલ. ઓધવજી પ્રાગજી.
૧—૩ રા. રા. દલીચંદ ફુલચંદ.
૧—૩ માસ્તર લખુભાઇ ભાઈચંદ
૧—૩ શા. વીધા ભીમાણી

૧—૩ રા. રા. માણેકચંદ કાનજી.
૨—૬ બાબુસાહેબ ધનપતિસિંહજી.
૧—૩ શા. જેઠાભાઈ ગંગાદાસ.
૧—૦ શા. મગનલાલ જીવરાજ.
૧—૦ શા. ગંભીર સામજી.
૧—૩ શા. શીવલાલ ચાંપશી.
૧—૩ શા. મગન ગૈતમ.
૧—૩ રા. રા. બકારામ પૈકાજી. રે.રૂ
૫—૦ શા. રવચંદ ફુલચંદ.
૧—૩ શા. માણેકચંદ ઝવેર.
૧—૩ શા. સરૂચંદ ધરમચંદ.
૨—૬ શા. જીવરાજ જેસંગ.
૧—૩ સંઘવી ધારશી ડાયાભાઈ.
૧—૩ શા. ડાયાશા કરમચંદ
૧—૩ શા. લક્ષ્મીચંદ કરમચંદ.
૨—૬ રા. રા. રણછોડદાસ ઘેલાભાઈ
૧—૩ શા. ખેતશી સોજપાર
૧—૩ શા. લક્ષ્મીચંદ હંસરાજ.
૧—૩ ગાંધી. મોહનલાલ મુળચંદ.
૨—૬ શા. અવચળ દીઆળજી.
૧—૩ ઝવેરી. મોહનલાલ હેમચંદ.
૨—૬ શા. વેલચંદ દેવચંદ.
૨—૬ શા. મહોકમચંદ પાનાચંદ.
૧—૩ સોની ઘેલાચંદ ઉમેદચંદ.
૧—૦ વોરા જસરાજ સુરચંદ.
૬-૧૨ શેઠ. હરીચંદ જગજીવન.
૧—૦ શા. શામજી વરધમાન.
૧—૩ શેઠ. વીરચંદભાઈ દીપચંદ.
૨—૬ સંઘવી માણેકચંદ પાસવીર.
૧—૩ શા. રણછોડ શેશકરણ.
૩-૧૩ શા. લક્ષ્મીચંદ જેચંદ.
૧—૩ શેઠ ઓતમચંદ હીરજી.

For Private And Personal Use Only